# CERTIFICATE

Applicant: Neha Shah (Principal)

School Name: Avishkar School.

Address: Block No.492. Santei. Ta-Kalol. Dist- Gandhinagar This No Objection certificate is given to Neha Shah, Principal for period of Dt.01/04/2026 to 31/3/2027 for school of "Avishkar School" under condition listed below. This NOC is valid for one year from date of ISSUE.

CHIEF DISTRICT HEALTH OFFICER,
GANDHINAGAR.

Desp. No/ Health/Certify/૨૪૬૨/2026.
Health Department, District Panchayat
Gandhinagar.
Dt: 18/04/2026.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી
આરોગ્ય શાખા
ગાંધીનગર

To,
Neha Shah (Principal)
Avishkar School,
Block No.492, Santej,
Ta-Kalol, Dist- Gandhinagar.

**હોટલો, રેસ્ટોરન્ટ, મીઠાઈ, ફરસાણ, આઈસ્ક્રીમ, ઠંડા પીણા, લારી ગલ્લા, શેરડીના સંચા, બરફના શરબતોનો ધંધો કરનારાઓને તેમજ ફેક્ટરી, મીનરલ વોટર, લોર્જીંગ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ તથા રીસોર્ટ એન્ટરટેઈન્ટમેન્ટ વાળાઓને તકેદારી રાખવા અંગેની સુચનાઓ.**

૧) સ્વચ્છતા જાળવવાની રહેશે તથા માખી ન થાય તે જોવાનું રહેશે.

૨) ખાદ્ય પદાર્થ, રસોઈ બનાવવાની જગ્યા અલગ-અલગ અને સંપૂર્ણ હવા ઉજાસવાળી તથા ચોખ્ખી રાખવાની રહેશે.

૩) રસોઈ બનાવનાર તથા પીરસનાર કર્મચારીઓની શારીરિક સ્વચ્છતા જાળવવી તથા પાણી આપનાર કર્મચારીઓ ગ્લાસમાં આંગળા નાંખી પાણી ન આપે તે જોવાનું રહેશે. રસોઈ બનાવનાર તેમજ પીરસનાર કર્મચારીઓએ માથે ટોપી તેમજ હાથમાં ગ્લોવ્ઝ અવશ્ય પહેરવાના રહેશે.

૪) ખાદ્ય પદાર્થો હંમેશા ઢાંકીને રાખવાના રહેશે.

૫) ફકત તાજા અને આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થો જ વેચવાના રહેશે.

૬) વાસણો ડિટરજન્ટ પાવડર- ઉકળતા ગરમ પાણીથી સંતોષકારક રીતે સાફ કરવાના રહેશે.

૭) પાણી ગમે ત્યાં ઢોળી ગંદકી કરવી નહીં તથા વપરાશી ગંદા પાણીના નિકાલની નિયત વ્યવસ્થા કરવાની રહેશે.

૮) કચરો કચરાપેટીમાં ભેગો કરી તેનો નજીકની કચરા પેટીમાં નિકાલ કરવાનો રહેશે.

૯) પીવાનું પાણી ક્લોરીન યુકત કરી સ્ટીલના નળવાળા નળામાં રાખવાનું રહેશે.

૧૦) ધંધાવાળી જગ્યાની અંડરગ્રાઉન્ડ તથા ઓવરહેડ ટાંકીઓ નિયમિત સાફ કરાવવી તેમજ બ્લીચીંગ પાવડરથી જંતુ મુકત રાખવાની રહેશે.

૧૧) શેરડીના સંચા/ ઠંડા પીણા/ શરબતની લારી/ આઈસ્ક્રીમનો ધંધો કરનારાઓએ તેમજ નાસ્તાની લારી ગલ્લાવાળાએ પેપર ગ્લાસ, પેપર ડીસનો ફરજીયાત ઉપયોગ કરવાનો રહેશે અને વપરાયેલ પેપર ડીસો ડસ્ટબીનમાં ભેગી કરી કચરા પેટીમાં નિકાલ કરવાનો રહેશે.

૧૨) બરફ બનાવવાની, આઈસ્ક્રીમ બનાવવાની તેમજ ઠંડા પીણા, મીનરલ વોટર બનાવવાની જગ્યાએ નક્કી કરેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા આદર્શ સફાઈ રાખવાની રહેશે તેમજ પાણીના ક્લોરીનેશનની વ્યવસ્થા પણ નિયમિત રીતે કરવાની રહેશે.

૧૩) લોર્જીંગ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ તથા એન્ટરટેઈન્ટમેન્ટના બિઝનેશવાળી જગ્યાઓએ ગ્રાહકોને રહેવાની રૂમો સંપૂર્ણ હવા ઉજાસવાળી તેમજ નિયમાનુસાર સેનીટરી બ્લોકની વ્યવસ્થાવાળી હોવી જોઈએ તેમજ તેની સાફ સફાઈ રોજે રોજ નિયમિત કરવાની રહેશે.

૧૪) રેસ્ટોરન્ટ/હોટલ/ ગેસ્ટ હાઉસની અંદર તેમજ આસપાસના વિસ્તારમાં મચ્છર ઉત્પત્તિ ન થાય તે માટે દર અઠવાડિયે પાણીના સંગ્રહ સ્થાનો અને તેની આસપાસની જગ્યાઓમાં પોરા ન થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ જરૂરી પોરાનાશક દવાનો છંટકાવ કરવાનો રહેશે.

ઉપરોક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. આરોગ્ય વિભાગના અધિકારી/ હેલ્થ ઈન્સ્પેક્ટરની ચકાસણી દરમ્યાન સૂચનાઓનો અમલ ન કરનાર સામે ધંધોબંધ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.

જાહેર આરોગ્ય માટે રોગચાળા દરમ્યાન સ્વચ્છતા, પીવાના પાણીની ગુણવત્તા, ખાદ્ય પદાર્થો વગેરે બાબતની ચકાસણી દરમ્યાન આરોગ્ય ખાતા દ્વારા અપાય તે સૂચનાઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.